**મનોરમામાસીને બે વ્યકિતઓ વહાલી હતી. એક એમના દિયરનો દીકરો, જેને પોતાના દીકરા સમાન રાખતા હતા. એનું ભણતર, એનું ભોજન, એના મોજશોખ, બધું એ પોષતાં. બીજી હતી કામવાળી શાંતા. એ હતી તો બદનામ કુળની છોકરી પણ અનાથ બનીને માસીને ત્યાં કામવાળી તરીકે આવીને લાડકી દીકરી બરાબર બની ગઇ હતી. આવા મનોરમામાસી પર આફત ઊતરી...**

# યાદ રાખો: વધારે પડતાં લાડ રાજાના કુંવરનેય ન હોય



## રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

## વહાલાં વેરી થાય...

‘‘અજયબાબુ, તમે સુનીલ સ્ટાર્ચ પ્રોડકટસના શેરહોલ્ડર છો ખરા?’’ એક દિવસ બપોરે ડિટેક્ટીવ ઓફિસમાં અજયની બાજુના ટેબલ પર બેઠેલી રાધિકા ચેટરજીએ પોતાના ફ્રેન્ડ, ફિલોસોફર, ગાઇડ, ગુરુ અને પાર્ટનર અજય વર્માને આ પ્રશ્ન પૂછયો. પ્રશ્નની આકસ્મિકતા, વિચિત્રતા, નવીનતા અને પોતાના વ્યવસાય સાથે અસંબધ્ધતાએ અજયના આશ્ચર્યને ઝંકૃત કરી મૂકયું. ખાસ તો એટલા માટે કે તાજેતરમાં પસાર થયેલી ચૂંટણી દરમિયાન ઘટેલી કાનૂનભંગની ઘટનાઓ વિશેના કેન્દ્રના એક સર્વેક્ષણના ભાગરૂપે એ પોતાની જાણકારી મુજબની ઘટનાઓની નોંધ તૈયાર કરતો હતો. આવી વેળાએ આવી પડેલા પ્રશ્ને અજયને જરાક અકળાવ્યો.

‘‘હું પેન્ટ-શર્ટના સારા કાપડ માટેની કન્સેશનલ કૂપનને ખાતર ફકત એક મિલનો એક શેર ધરાવું છું’’ અજયે માહિતી આપી. પછી ઉમેર્યું, ‘‘વળી, હું એવાં કપડાં પહેરતો નથી કે જેમને સ્ટાર્ચ યાને કાંજી કરવાની જરૂર પડે માટે હું એકેય સ્ટાર્ચ પ્રોડકટ કે મિલનો શેરહોલ્ડર નથી પણ ભાદરવાની બપોરની વેળાએ ભાદરવાના ભીંડા જેવો આ પ્રશ્ન તું કયાંથી લાવી, રાધિકા?’’

પોતાનું મોહક સ્મિત પ્રસ્તુત કરતાં રાધિકાએ વાતનો ફોડ પાડયો, ‘‘મારાં મમ્મી કમલા ચેટરજીનાં એક ખાસ બહેનપણી મનોરમાબેન માધાણી છે. હું એમને મન્ના માસી કહું છું. આજે સવારે અમસ્તાં જ એ અમારે ઘેર આવી ચઢ્યાં હતાં. મારાં મમ્મી સાથે પાંચેક મિનિટ વાતો કરીને ઊઠયાં પણ જતાં જતાં એ પૂછવા લાગ્યાં કે તમે કોઇ સ્ટાર્ચ મિલના શેર હોલ્ડર છો ખરા?’’

‘‘અચ્છા! તો દેવીજીએ મમ્મીનાં બહેનપણી માટે સ્ટાર્ચની કૂપન માગી મારી પાસે! તમારી પાસે તો સુનીલ મિલના શેર નહિ જ હોય!’’

‘‘યુ આર રોંગ, મિસ્ટર ડિટેક્ટીવ! અમારી પાસે એ કંપનીના, એ સ્ટાર્ચ મિલના શેર છે, એથી મળેલી કૂપનો પણ છે અને અમે પણ સ્ટાર્ચ ખાસ વાપરતાં નથી એટલે બધી કૂપનો મન્નામાસીને આપી દઈએ છીએ. વાસ્તવમાં, આપી દીધી છે છતાં મન્નામાસી કહે કે બીજી પણ થોડીક કૂપનો મળી શકે તો કોશિશ કરજે.’’

‘‘આઈસી! તારાં મન્નામાસીને લાકડા જેવા કપડાં પહેરવાં ગમે છે! વાહ!’’

‘‘મન્નામાસીને નહિ, શાંતાને.’’

‘‘અચ્છા? આ શાંતા વળી કોણ છે?’’ અજયે પૂછયું.

‘‘મન્નામાસીની કામવાળી છે. મન્નામાસી કહે છે કે એને લફડફફડ લફડફફડ થતાં લૂગડાં પહેરવાં ખૂબ ગમે છે. મહિને દહાડે પોતાનાં કપડાંમાં જ એ બે કિલો જેટલી કાંજી વાપરી નાખે છે. માસીના ઘરમાં એમનાં કપડાં માટે વપરાય તે કાંજી તો જુદી જ! પરિણામે મન્નામાસીને કાંજીની સ્ટાર્ચની કૂપનોની ભિક્ષા માગવા નીકળવું પડે છે, બોલો!’’

‘‘કમાલની કામવાળી કહેવાય!’’

‘‘અરે એ તો અદ્‌ભુત કામવાળી છે. મેં એને જોઇ છે. ચૂડેલના દાંતની જેમ લૂગડાં ખખડાવવાનો તો શોખ છે જ, વળી મૂઇને પગમાં ઝાંઝર પહેરવાનો ય પાગલ શોખ છે.’’

‘‘તો એવી ઈડીઓસીન્ક્રેટિક યાને કે ચક્રમ કામવાળીને મન્નામાસી પાણીચું કેમ પકડાવી દેતાં નથી?’’

‘‘શી વાત કરો છો, અજયબાબુ! એમ કાંઇ દસેક વરસ જૂની કામવાળીને કાઢી મૂકાય? અને કાઢી મૂકો તો પછી નવી કામવાળી શોધવા કયાં જવું? લંકા? કામવાળી મળે છે કયાં? તમને આગાથા ક્રિસ્ટીની પેલી વાર્તા યાદ છે? વાર્તામાં એક ડિટેક્ટીવ પાસે આવીને એક ગૃહિણીએ પોતાની કામવાળી શોધી આપવાનું કામ સોંપેલું. ત્યારે એ ગૃહિણીએ પોતાની કામવાળીને મુકતાહારથી પણ મૂલ્યવાન ગણાવી હતી!’’

‘‘આઈસી! ત્યારે આ મોંઘેરી અને લાડકડી શાન્તાને ખાતર મન્નામાસી, કમલાઆન્ટી, રાધિકા ચેટરજી... કેટલાં બધાં લોકો કાંજીની કૂપનો શોધે છે! ધન્ય એ કામવાળી, ધન્ય એનાં લૂગડાં ને ધન્ય એ કાંજીની કૂપનો!’’

‘‘તમારે કટાક્ષમાં જે કહેવું હોય તે કહો, અજયબાબુ, પણ શાંતા તો શાંતા જ છે.’’

‘‘પણ એક કહેવત તમારે સૌએ યાદ રાખવા જેવી છે કે વધારે પડતાં લાડ રાજાના કુંવરનેય ન હોય.’’

અજય અને રાધિકા જયારે આવી ચર્ચા કરી રહ્યાં હતાં ત્યારે બરાબર એ જ વખતે, અજયની ચેતવણી જાણે સાચી પડવાની હોય એમ મનોરમાબેન માધાણીને બંગલે એક અજબ ઘટના બની રહી હતી અને એ ઘટનામાં ડિટેક્ટીવો તરીકે અજય અને રાધિકાએ ઝુકાવવું પડવાનું હતું.

ઘટના લૂંટની હતી.

બપોરના લગભગ ચાર વાગે ડિટેક્ટીવ ઓફિસનો ફોન રણકયો. અજયે રિસીવર ઉપાડી કાને ધર્યું. ત્યાં તો સામેથી નવરંગપુરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર દિનકર દેસાઈનો અવાજ આવ્યો. ‘‘હલો, અજયબાબુ! રાધિકા ત્યાં હાજર છે?’’

‘‘હાજરાહજૂર છે.’’

‘‘એને લઈને જરા મનોરમાબેન માધાણીને બંગલે આવી પહોંચો ને!’’

‘‘કેમ? શું થયું?’’

‘‘અરે, મામલો લૂંટનો અને ગંભીર હુમલાનો છે.’’

‘‘સરનામું?’’

‘‘રાધિકા આ સન્નારીને ઓળખે છે. વાસ્તવમાં એ વડીલ બહેનના કહેવાથી જ આ ફોન કરું છું. એ કહે છે કે રાધિકા મારી ભાણી થાય. ભાણેજ.’’

‘‘ઓલ રાઈટ, અમે આવીએ છીએ.’

અજયે ફોન મૂકીને રાધિકાને કહેવા માંડયું. ‘‘મન્નામાસીની વાત કરતાં હતાં અને એમનો જ મામલો સામે આવ્યો છે. માસીને બંગલે લૂંટ થઈ છે. ઈજાનો મામલો પણ છે. આપણે ઝટ ત્યાં પહોંચવાનું છે.’’

રાધિકા ગંભીર બની ગઈ. ‘‘ધનવાન વિધવાઓના લાખ દુશ્મનો છે આ દેશમાં! ચાલો જલદી.’’

અને જલદી જલદી અજયની મોટર સાઈકલ પર ભાગતાં રાધિકાએ કાંજીની કૂપનોની ભિક્ષા માગતાં મન્નામાસીનો વિશેષ પરિચય આપ્યો. મનોરમાબેન માધાણીના પતિ નવનીતરાય ખૂબ જ સફળ વેપારી હતા. ખૂબ કમાયા. ધનની ધનાધન રહી. બંગલો મળ્યો. સુખ મળ્યાં. મનમાની જાતરાઓ થઈ. દાનપુણ્ય કરી શકયાં. પણ... પણ સંતાનયોગ ન થયો. ઈશ્વર આજ સારા દહાડા દેખાડશે, કાલ દેખાડશે, એમ કરતાં યુવાની વીતી ગઇ. પ્રૌઢાવસ્થા આવી ગઈ. ડૉકટર, વૈદ્યો પણ મદદ કરી ન શકયા. દરમિયાનમાં જાતમહેનતે આગળ વધતાં શરીરે ઘસાઇ ગયેલા નવનીતરાય પચાસેકની ઉંમરે તો અવસાન પામ્યા.

એકાકી મનોરમાબેનના એ પછી બે મુખ્ય આધાર હતા. એક એમના દિયર જગદીશનો દીકરો રાકેશ માધાણી, જેને એમણે સગા દીકરાની જેમ પોતાને ત્યાં રાખવા માંડયો હતો. એનું ભણતર, એનાં લૂગડાંલત્તાં અને એના લાડ, એ બધુંય મનોરમામાસી પોષતાં હતાં. બીજો આધાર હતો પેલી શાંતા. આમ તો એ ઘરકામ કરનારાઓના કુળની હતી, જે કુળને, જે કોમને જન્મજાત ગુનાખોર તરીકે બદનામ કરવામાં આવે છે પરંતુ દસેકની ઉંમરે સાવ અનાથ બનેલી એ છોકરી મનોરમામાસીને ત્યાં ઘરકામ કરવા આવી અને પછી ઘરની વ્યકિત સમાન બની ગયેલી. આજકાલ કરતાં દસેક વર્ષથી એ મન્નામાસીને ઘેર જ હતી અને હવે ઘરના અભિન્ન અંગરૂપ બની ગઇ હતી અને એ પણ એટલી લાડકી કે મન્નામાસી એને ખાતર કાંજીની કૂપનો શોધવા નીકળે!

રાધિકા આગળ બોલી, ‘‘મન્નામાસી એનાં વખાણ કરતાં થાકતાં નથી. વળી ખાસ તો એ વાતનો ઉલ્લેખ કરવાનું ચૂકતાં નથી કે ગુનાહિત ગણાતી કોમમાં શાંતા કાદવમાં કમળની જેમ અનોખી જ છે. એ કહ્યા કરે છે કે માણસ એના ઉછેરના સંસ્કાર અને સંજોગો વડે ચોર કે ગુનેગાર બને છે, જન્મ વડે નહિ.’’

આમ વાતો કરતાં તેઓ મનોરમાબેન માધાણીને બંગલે પહોંચ્યાં.

**(વાચકમિત્રો! આ વાર્તા આવતે અઠવાડિયે પૂરી કરીશું અને... ગત અઠવાડિયે જે જીવનકથા રજૂ થયેલ એના ઉકેલનો સવાલ નથી.)**